# 'ગૌતમસ્વામિસ્તવ'ના કર્ત્તા વજ્રસ્વામી વિશે

ચરમ તીર્થંકર જિન વર્ધમાન મહાવીરના પટ્ટધર ગણધર ઇન્દ્રભૂતિ ગૌતમને ઉદ્દેશીને રચાયેલ જે થોડાંક સ્તોત્રો મળે છે તેમાં વજ્રસ્વામીનું બનાવેલું મનાતું **ગૌતમસ્વામિસ્તવ**[1] પ્રાચીનતર હોવા ઉપરાંત નિર્ગ્રન્થસર્જિત સંસ્કૃત સ્તોત્રસાહિત્યની એક અભિજાત કૃતિ પણ છે.

શાર્દૂલવિક્રીડિત છંદમાં, દ્વાદશવૃત્તોમાં નિબદ્ધ, ચારુ શબ્દાવલી અને નિર્મલ ભાવોન્મેષથી રસમય બનેલ આ કર્ણપેશલ સ્તવના કર્ત્તાનો નિર્દેશ મૂળ કૃતિમાં તો નથી, તેમ તેના પર કોઈ વૃત્તિ વા અવચૂર્ણિ લખાઈ હોય—જેમાં વ્યાખ્યાકારે કર્ત્તાનું એમને પરંપરાથી જ્ઞાત હોય તે નામ, વજ્રસ્વામી જણાવ્યું હોય—તો તે જાણમાં નથી. સંપાદક (સ્વ૰) મુનિ ચતુરવિજયજીએ પ્રસ્તુત સ્તવના કર્ત્તા પુરાતન વજ્રસ્વામી માનવા સંબંધનાં કારણો વિશે પોતાની પ્રસ્તાવનામાં કોઈ જ સ્પષ્ટતા કરી નથી[2]. સંભવ છે કે લિપિકારોમાંના કોઈએ, કોઈક પ્રતમાં, સ્તવાન્તે આવું નોંધ્યું હોય, યા તો સંપ્રદાયમાં પરંપરાથી આ પ્રમાણે મનાતું હોય.

સંપાદકે સ્તોત્રકર્ત્તા વજ્રસ્વામીને ઈસ્વીસન્‌ની પહેલી શતાબ્દીમાં થઈ ગયેલ પુરાતન આચાર્ય 'આર્ય વજ્ર' માન્યા છે, અને સંભવ છે કે વર્તમાન પરિપાટીમાં પણ આવી માન્યતા પ્રચલિત હશે. વસ્તુતયા આ માન્યતા ભ્રમમૂલક જ છે તેમ અનેક કારણોથી સિદ્ધ થાય છે :

(૧) સંસ્કૃતમાં જૈનોની સૌ પ્રથમ જ્ઞાત કૃતિ તે વાચક ઉમાસ્વાતિનું સભાષ્ય **તત્ત્વાર્થાધિગમસૂત્ર છે.** ઉમાસ્વાતિ સિદ્ધસેનદિવાકરથી પૂર્વે થઈ ગયેલા હોઈ, બ્રાહ્મણીય દર્શનોના સૂત્રો પરના ભાષ્યો બાદ થોડાંક વર્ષોમાં થઈ ગયા હોય, તેમ જ તેમની લેખનશૈલી ઉપરથી અને **તત્ત્વાર્થાધિગમ**ના આંતર-પરીક્ષણથી જે નિષ્કર્ષો નીકળે છે તે જોતાં, તેમનો સરાસરી સમય ઈ૰ સ૰ ૩૫૦-૪૦૦ વચ્ચેના ગાળામાં આવી શકે તેવા અંદાજો થયા હોઈ, ઉપર્યુક્ત સ્તવને પહેલી શતાબ્દીમાં મૂકતાં પહેલાં ખૂબ વિચારવું પડે તેમ છે. ઉમાસ્વાતિના ભાષ્યમાં ક્યાંક ક્યાંક સંસ્કૃત પદ્યો ઉટ્ટંકિત છે, જેના કલેવર અને આત્મા જૈન હોઈ એમના સમય પૂર્વે પણ જૈનો સંસ્કૃતમાં લખતા હોવાનો તર્ક કરવામાં આવ્યો છે[3]. પણ પં૰ સુખલાલજી તો પ્રસ્તુત પદ્યો ઉમાસ્વાતિનાં જ માને છે[4], અને તે ગુપ્તકાળ પૂર્વેનાં હોય તેમ ભાસતું પણ નથી. મહાયાન સંપ્રદાયના બૌદ્ધ દાર્શનિકો-કવિજનો—અશ્વઘોષ, માતૃચેટ, નાગાર્જુનાદિ—ઈસ્વીસન્‌ની પહેલી શતાબ્દીના ઉત્તરાર્ધ અને બીજીના પૂર્વાર્ધના ગાળામાં, મોટે ભાગે કુષાણ સમ્રાટ કનિષ્કના સમયમાં, થઈ ગયા છે : અને તેઓ સૌ, બૌદ્ધોમાં સંસ્કૃત-લેખનના ક્ષેત્રમાં અગ્રચારી મનાય છે[5]. પ્રાકૃત-પરસ્ત જૈનોમાં તો ઉમાસ્વાતિ તેમ જ ચંદ્રગુપ્ત દ્વિતીયના સમકાલીન સિદ્ધસેન દિવાકર પૂર્વેનો કોઈ જ સંસ્કૃત લેખક કે કોઈ કૃતિ નજરે ચડતાં નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આથી **ગૌતમસ્વામિસ્તવ**ના કર્ત્તારૂપે આર્ય વજ્ર હોવાનું તો ઉપલબ્ધ તમામ ઐતિહાસિક પ્રમાણોથી વિરુદ્ધ જઈને જ માની શકાય.

(૨) આર્ય વજ્રની એ કૃતિ હોવાની વિરુદ્ધમાં તો સ્તવમાં જ અનેક પ્રમાણો છે. સ્તવનો વિશિષ્ટ પ્રકાર સામાસિક ઢાંચો, તેમાં વરતાતો માંજુલ્યનો આગ્રહ, માર્દવ સમેતના આલંકારિક લાલિત્યનો ડગલે ને પગલે સ્પર્શ—આમ કાવ્ય-કલેવરનો સમગ્ર વિભાવ તેમ જ શબ્દોની પસંદગી, છંદોલય અને પદ્યગુંફનમાં પ્રાચ્યતાનો પૂર્ણતયા અભાવ—તેને ઈસ્વીસન્‌ના આરંભકાળની કૃતિ માનવાની વાત તો એક બાજુએ રહી પણ તે પ્રાક્‌મધ્યકાલીન હોવાની પણ ના પાડે છે ! સિદ્ધસેન દિવાકર (ઈસ્વીસન્‌ની પાંચમી શતાબ્દી પૂર્વાર્ધ), હારિલ વાચક (પાંચમો-છઠ્ઠો સૈકો), સમંતભદ્ર (છઠ્ઠી-સાતમી સદી), માનતુંગાચાર્ય (છઠ્ઠો-સાતમો સૈકો), પૂજ્યપાદ દેવનંદી (આ૦ ઈ૦ સ૦ ૬૨૫-૬૮૦), યાકિનીસૂનુ હરિભદ્રસૂરિ તેમ જ ભદ્રકીર્ત્તિ-બપ્પભટ્ટિસૂરિ (આઠમું શતક) ઇત્યાદિ શ્વેતાંબર-દિગંબર સંપ્રદાયના મધ્યકાલીન મહાન્ તત્ત્વજ્ઞ-સ્તુતિકારોની કૃતિઓ સાથે સરખાવતાં આ વાત સ્પષ્ટ બની રહે છે. બીજી બાજુ વિજયસિંહાચાર્યની **નેમિસ્તુતિ** (આ૦ ઈ૦ સ૦ ૧૦૨૦-૫૦)[૬] તેમ જ સોલંકીસમ્રાટ કુમારપાલ(ઈ૦ સ૦ ૧૧૪૪-૭૪)ના સમય પૂર્વે રચાઈ ગયેલી, ખરતરગચ્છીય જિનવલ્લભસૂરિ, જિનદત્તસૂરિ આદિ મધ્યકાનીલ મહાન્ સ્તુતિકારોની પ્રસિદ્ધ જૈન સ્તોત્રાદિ રચનાઓ સાથે તુલના કરતાં પ્રકૃત **ગૌતમસ્વામિસ્તવ** એ જ વર્ગનું, એવી જ સમસાધારણ શૈલીનું, અને એ જ કાળમાં રચાયેલું છે તેમ તુરત જ પરખાઈ આવે છે. આ સ્તુતિ-કાવ્યની ઉદ્યોતકર-પ્રસન્નકર ગુણવત્તાની ઉત્કૃષ્ટતાને લક્ષમાં લઈએ તો તે ઈસ્વીસન્‌ની ૧૨મી શતાબ્દીથી તો પહેલાંનું, મોટે ભાગે ૧૧મીના પૂર્વાર્ધનું હોવાની સહસા છાપ પડે છે.

(૩) સ્તવ મધ્યકાલીન હોવાનું શૈલી અતિરિક્ત તેની ભીતર રહેલી વસ્તુના પરીક્ષણથી પણ સિદ્ધ થાય છે. પહેલી વાત એ છે કે સ્તવ ગણધર ગૌતમની કોઈ પ્રસિદ્ધ પ્રતિમાને ઉદ્‌બોધીને રચાયું છે[૭]. ગૌતમ લબ્ધિશાળી—સિદ્ધિસંપન્ન—મુનિવર હતા તેવી માન્યતા તો પશ્ચાત્કાલીન આગમિક સાહિત્યમાં આવી ગયેલી, પણ તેઓ 'ચારણલબ્ધિ'ના પ્રભાવે દુર્ગમ એવા અષ્ટાપદપર્વત પર પહોંચી, ભરતચક્રી કારિત ૠષભાદિ ચતુર્વિંશતિ જિનોના પ્રાસાદની યાત્રા કરી આવેલા એવી કિંવદંતી વિશેષે ઈસ્વીસન્‌ના નવમા શતકથી જ વહેતી થયેલી, અને ત્યારથી તેમનો મહિમા વધ્યો અને એ કારણસર જિન તેમ જ અંબિકા સરખી યક્ષીની મૂર્તિઓ સાથે તેમની પ્રતિમાઓ પણ ઉપાસનાર્થે બનવા લાગી હોય તેમ જણાય છે. ગૌતમને **સ્તવ**ના પ્રથમ પદમાં ૧૦૦૮ પાંખડીવાળા સુવર્ણકમલ પર આસનસ્થ બતાવ્યા છે, જે કલ્પના સ્પષ્ટતયા મધ્યકાળની જ છે, અને છેલ્લા (૧૨મા) પદ્યમાં જે દેવતાઓનું કર્ત્તાએ સ્વશ્રેયાર્થે આહ્‌વાન કર્યું છે તેમાં 'નગેશ્વરી' (અનુસાર સૂરિમંત્રમાં ઉલ્લિખિત મહાલક્ષ્મી,)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને વીસભુજાયુક્ત 'યક્ષાધિપ'(ગણિપિટક યક્ષ)નું સ્મરણ કરેલું છે[૮], તેમ જ શાસનદેવતાઓને પણ ત્યાં સ્મર્યા છે. બીજી બાજુ શાસનદેવતાઓનો વિભાવ ઈસ્વીસન્‌ના નવમા શતકના ઉત્તરાર્ધ પહેલાં જોવામાં આવતો નથી, ને જૈનોમાં અતિભુજાયુક્ત દેવોની કલ્પના પણ નવમા શતકના મધ્યભાગ પૂર્વેની નથી[૯]. આથી પ્રસ્તુત સ્તોત્ર આર્ષ રચના નથી જ. આવી સ્થિતિમાં તેને ઈસ્વીસન્‌ના આરંભમાં મૂકવાની ચેષ્ટા નિરાધાર જ ઠરે છે. કાવ્યના રંગ-ઢંગ તેમ જ શૈલીનો મુદ્દો પણ ઉપર ચર્ચી ગયા તેમ મધ્યકાલીન જ છે. આમ સ્તવને ૧૧મી શતાબ્દીના પૂર્વાર્ધમાં મૂકવા માટે કોઈ જ બાધક પ્રમાણ નથી, સૌ પ્રમાણો તે નિર્ણયનાં સાધક છે.

સ્તવના સમયવિનિશ્ચય બાદ તેના કર્ત્તા મનાતા વજ્રસ્વામી સંબંધમાં નિર્ણય લેવાનો રહે છે. કર્ત્તા ખરેખર વજ્રસ્વામી નામધારી કોઈ મુનિ હોય તો તેઓ પ્રાચીન આર્ય વજ્ર તો ન જ હોઈ શકે : કોઈ બીજા જ, મધ્યકાલીન, વજ્રાચાર્ય હોવા જોઈએ. જેમ દ્વિતીય શતાબ્દીના ઉત્તરાર્ધમાં થઈ ગયેલા તરંગવતીકાર પાદલિપ્તસૂરિ પશ્ચાત્ એ જ નામધારી બે અન્ય સૂરિવરો થઈ ગયા છે[૧૦], જેમ પ્રાચીન આર્ય વજ્રના એક શિષ્ય, લાટવિહારી વજ્રસેનનું અભિધાન ધરાવતા મધ્યયુગમાં પણ એક વજ્રસેન થઈ ગયા છે[૧૧], તેમ વજ્રસ્વામી નામયુક્ત બીજા, પણ મધ્યકાલીન, મુનિવર થઈ ગયા હોવાની વાત પ્રથમ દૃષ્ટિએ તો નકારી શકાય નહીં.

આ સંબંધમાં ગવેષણા ચલાવતાં આ અન્ય વજ્રસ્વામીની મધ્યકાળ અંતર્ગત ભાળ મળે છે. તેમાં **પુરાતનપ્રબંધસંગ્રહ** (૧૫મું શતક)ના બે પ્રબંધો અનુસાર[૧૨], કહેવાતા ધનેશ્વરસૂરિના **શત્રુંજયમાહાત્મ્ય** (ઈ૦ સ૦ ૧૩૨૯ બાદ અને ઈ૦ સ૦ ૧૪૫૫ પહેલાં[૧૩])નાં વિધાનો અનુસાર, ઉપકેશગચ્છીય કક્કસૂરિકૃત **નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ** (સં૦ ૧૩૯૩-ઈ૦સ૦ ૧૩૩૭)ના કથન પ્રમાણે, તેમ જ ખરતરગચ્છીય જિનપ્રભસૂરિના **કલ્પપ્રદીપ** અંતર્ગત ''ચતુરશીતિમહાતીર્થનામસંગ્રહકલ્પ''ના કથન અનુસાર વજ્રસ્વામીએ શત્રુંજય પર આદિનાથની પ્રતિષ્ઠા કરેલી. ઉપર્યુક્ત ગ્રંથોમાં દીધેલ કથાનકો અનુસાર પ્રસ્તુત પ્રતિષ્ઠા મધુમતી (મહુવા)ના જાવડિ શ્રેષ્ઠીએ વિ૦ સં૦ ૧૦૮ / ઈ૦ સ૦ ૫૨માં કરાવેલી. આ ઉલ્લેખ જિનપ્રભસૂરિના **કલ્પપ્રદીપ** અંદરના ''શત્રુંજયતીર્થકલ્પ'' (સં૦ ૧૩૮૫, ઈ૦ સ૦ ૧૩૨૯) અતિરિક્ત ઈ૦ સ૦ ૧૩૧૫ પશ્ચાત્ અને ૧૩૨૪ પૂર્વ રચાયેલ વિજયચંદ્રસૂરિની **શત્રુંજયમહાતીર્થચૈત્યપરિપાટિકા**માં પણ મળે છે[૧૪]. વાઘેલાકાલીન બે સંસ્કૃત કૃતિઓ, કવિ બાલચંદ્રનું **વસંતવિલાસ** (ઈ૦ સ૦ ૧૨૩૯ પશ્ચાત્ તુરતમાં)[૧૫] અને તેનાથી થોડાંક વર્ષો પૂર્વે રચાઈ ગયેલ નાગેન્દ્રગચ્છીય વિજયસેનસૂરિ-શિષ્ય ઉદયપ્રભસૂરિની **સુકૃતકીર્તિકલ્લોલિની** (આ૦ ઈ૦ સ૦ ૧૨૩૦)[૧૬]માં તથા તેમના **ધર્માભ્યુદયમહાકાવ્ય**માં શત્રુંજયતીર્થના પુનરુદ્ધારની મિતિ તો નહીં પણ તીર્થના ઉદ્ધારકોમાં પ્રાગ્વાટકુલના જાવડિનું નામ ગણાવ્યું છે[૧૭].

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર્યુક્ત સાહિત્યના નિરીક્ષણથી તો એક વાત સુનિશ્ચિત છે કે પ્રતિષ્ઠા કરાવનાર વ્યક્તિ 'જાવડ' કે 'જાવડિ શ્રેષ્ઠી' અને એમના પિતા 'ભાવડ' સરખાં અભિધાનો પ્રાચીન ન હોતાં મધ્યકાલીન જ વ્યક્તિ જણાય છે. તેનો નિશ્ચય જુદા જુદા કાળના સાહિત્ય અને અભિલેખોના અધ્યયનથી થઈ જાય છે. પ્રતિષ્ઠાપક આચાર્ય વજ્રસ્વામી પણ પુરાતન આર્ય વજ્ર ન હોઈ શકે, કે ન તો વિ૦ સં૦ ૧૦૮ વાળી મિતિ સત્ય હોઈ શકે. આ સંબંધમાં સાહિત્યિક ઉલ્લેખો પરથી જે ફલિત થઈ શકે છે તેમાં મુખ્ય મુદ્દાઓ આ છે :

(૧) આર્ય વજ્રે શત્રુંજય પર પ્રતિષ્ઠા કરેલી તેવી વાત આગમોમાં તો શું પણ છઠ્ઠા શતકના પૂર્વાર્ધથી રચાતી આવેલી આગમિક વ્યાખ્યાઓ—નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણિઓ, વૃત્તિઓ—માં વજ્રસંબદ્ધ ઉલ્લેખોમાં ક્યાંયે નોંધાયેલી નથી. એટલું જ નહીં, વજ્રની કથા કથનાર ભદ્રેશ્વરસૂરિની **કહાવલિ** (ઈ૦ સ૦ ૧૦મી સદી ઉત્તરાર્ધ), કે પૂર્ણતલ્લગચ્છીય હેમચંદ્રાચાર્યના **પરિશિષ્ટપર્વ** (ઈ૦ સ૦ની ૧૨મી શતાબ્દીનું ત્રીજું ચરણ)ના ''વજ્રચરિત્ર''માં, કે રાજગચ્છીય પ્રભાચંદ્રાચાર્યના **પ્રભાવકચરિત** (સં૦ ૧૩૩૪/ઈ૦ સ૦ ૧૨૭૮)માં દીધેલા વિસ્તૃત ''વજ્રસ્વામિચરિત''માં પણ નથી. આથી સ્પષ્ટ છે કે ઉપર્યુક્ત સોલંકીકાલીન કર્ત્તાઓ, કે જેમની પાસે પ્રાચીન સાધનો હતાં, તેઓની સામે શત્રુંજય-આદિનાથના પ્રતિષ્ઠાપકરૂપે આર્ય વજ્ર હોવાની કલ્પના નહોતી.

(૨) શત્રુંજય પર સૌ પહેલાં જૈન મંદિરોની પ્રતિષ્ઠા પાદલિપ્તસૂરિ દ્વિતીય (મૈત્રક યુગ: મોટે ભાગે ૭મો સૈકો—ઉત્તરાર્ધ) દ્વારા થયેલી[૧૮]. આગમોમાં કે આગમિક વ્યાખ્યાઓમાં, ત્યાં પૂર્વે આદિનાથનું મંદિર હોવાનું કે તેનું ભરતચક્રીએ નિર્માણ કરેલું તેવી વાત—જેના દશમા શતકના ત્રીજા ચરણમાં રચાયેલ પાદલિપ્તસૂરિ તૃતીયના **લઘુશત્રુંજયકલ્પ**થી લઈને જ ઉલ્લેખો મળે છે—તેના અણસાર પણ નથી. આથી ઈસ્વીસન્‌ના આરંભકાળે આર્ય વજ્રે ત્યાં ગિરિ પર પ્રતિષ્ઠા કરાવી એવી વાત તો પાછળના યુગના જૈન લેખકોની ગેરસમજણ, ભળતું જ ભેળવી માર્યાની હકીકત માત્ર હોય તેમ લાગે છે !

(૩) પ્રતિષ્ઠા કરાવનાર જાવડિ શ્રેષ્ઠી (જાવડસાહ) તેમ જ કથાનકોમાં અપાયેલ તેમના પિતાના ભાવડ સરખાં અભિધાનો જોતાં તો તેઓ સ્પષ્ટ રીતે મધ્યકાલીન વ્યક્તિઓ જ જણાય છે ! પ્રાગ્વાટ જ્ઞાતિ (પોરવાડ)ના પણ ગુજરાતમાં દશમા-૧૧મા શતક પૂર્વે ક્યાંયે સગડ મળતા નથી. (મહુવાનું ઈસ્વી પહેલી શતાબ્દીમાં અસ્તિત્વ હતું કે કેમ તે પણ નક્કી નથી). બીજી બાજુ શત્રુંજયના અધિષ્ઠાયક દેવ કપર્દીયક્ષનો સંબંધ કથાનકકારો ત્યાં જોડે છે, પણ આ કપર્દીયક્ષની કલ્પના પણ પ્રાક્‌મધ્યકાળથી વિશેષ પુરાણી નથી.

(૪) **શત્રુંજયમાહાત્મ્યમાં** તથા તપાગચ્છીય ધર્મઘોષસૂરિના **લઘુશત્રુંજયકલ્પ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(આ૦ ઈ૦ સ૦ ૧૨૬૪) પરની તપાગચ્છીય શુભશીલગણિની **વૃત્તિ** (સં૦ ૧૫૧૮ / ઈ૦ સ૦ ૧૪૬૨)માં[૧૯] જાવડિસંબદ્ધ અપાયેલ હકીકત બહુ સૂચક છે. તેમાં જણાવ્યા પ્રમાણે તો મ્લેચ્છોના સોરઠ પરના આક્રમણ પછી જે લોકોને (ગુલામ તરીકે) ગર્જનક (ગ્હઝના) ઉપાડી ગયેલા તેમાં આ જાવડસાહ પણ હતા ! માલિકને ખુશ કરી, માંડ પોતાનો પિંડ છોડાવી, જાવડસાહ મહુવા હેમખેમ પાછા પહોંચેલા. અહીં જે આક્રમણ વિવક્ષિત છે તે તો મહૂમદ ગ્હઝનવીનું જણાય છે[૨૦]. અને તેથી શત્રુંજય પરની જાવડિ કારાપિત પ્રતિષ્ઠા કાં તો ૧૦૨૬થી થોડું પૂર્વે વા થોડાં વર્ષ પશ્ચાત્ થઈ હોવાનો જ સંભવ છે.

(૫) આ વાત લક્ષમાં લેતાં ૧૪મા શતકના લેખકો પ્રતિષ્ઠાનું જે વિ૦ સં૦ ૧૦૮ વર્ષ બતાવે છે તેમાં ચોથો, મોટે ભાગે ચોથો અંક છૂટી ગયો લાગે છે. સંભવ છે કે આ મિતિ આદિનાથના ગર્ભગૃહની જાવડિવાળી પ્રતિમા પરના લેખ પરથી, કે મંડપમાં વા અંતરાલમાં મૂકાયેલ એના પ્રશસ્તિલેખ પરથી લીધી હોય અને તેમાં ચોથો આંકડો ઘસાઈ ગયો હોય, વા ખંડિત થયો હોય, યા (૧૪મા શતકના) વાંચનારની અસાવધાનીને કારણે જે નોંધ લેવાઈ હશે તેમાં ભ્રમવશ ૧૦૮નો અંક લખાતાં અને, અભિલેખમાં વજસ્વામીનું નામ હશે તે જોતાં, તેમને પુરાણા વજસ્વામી માની લેવામાં આવ્યા હોય તો તે બનવા જોગ છે. (ઊલટ પક્ષે અભિલેખને સ્થાને કોઈ જૂની ગ્રંથપ્રશસ્તિમાં ઉપરની ચોથા અંક વગરની સાલ વાંચીને પ્રથમ હશે તે લેખકે એવી નોંધ લીધી હોય અને પછી ગતાનુગત એ સાલ માનતી આવતી હોય). ગ્હઝનાવાળી વાત લક્ષમાં લેતાં મૂળ સાલ વિ૦ સં૦ ૧૦૮ની નહીં પણ વિ૦ સં૦ ૧૦૮૦ / ઈ૦ સ૦ ૧૦૨૪ના અરસાની હોવી જોઈએ[૨૧]. કેમ કે જિનપ્રભસૂરિના કથન પ્રમાણે પ્રસ્તુત પ્રતિષ્ઠા પછી બીજે વર્ષે બોહિત્થો (મ્લેચ્છો ?) આવેલા. (ગ્હઝનાનું આક્રમણ ઈ૦ સ૦ ૧૦૨૫ના અંતે કે ૧૦૨૬ના પ્રારંભે થયેલું) કદાચ ઘટના આમ ન બની હોય તો એવો તર્ક થઈ શકે ગ્હઝનાના આક્રમણ પશ્ચાત્‌ના, નજદીકના કોઈક વર્ષમાં, સં૦ ૧૦૮૮ (ઈસ્વી ૧૦૩૨)ના અરસામાં પ્રતિષ્ઠા થઈ હોય[૨૨]. આજે તો આ બાબતમાં સાધનોના અભાવે એકદમ નિશ્ચિતરૂપે કંઈ કહી શકાય તેમ નથી.

આમ સાધુ જાવડિના શત્રુંજયોદ્ધારના પ્રતિષ્ઠાપક આચાર્યનું નામ વજસ્વામી હોય તો તે આચાર્ય પ્રાચીન આર્ય વજ નહીં પણ મધ્યકાલીન વજસૂરિ હોવા ઘટે, અને અહીં ચર્ચિત **ગૌતમસ્વામિસ્તવ** જો તેમની રચના હોય તો તે એમના દ્વારા ૧૧મી શતાબ્દીના પૂર્વાર્ધમાં, કદાચ શત્રુંજય-પ્રતિષ્ઠા બાદ તુરંતમાં, એટલે કે ઈ૦ સ૦ ૧૦૨૪ અથવા ૧૦૩૨ના અરસામાં થઈ હોવાનો સંભવ છે. આગળ થયેલી ચર્ચામાં પરીક્ષણ પરથી સ્તોત્રની સરાસરી મિતિ ઈસ્વીસન્‌ની ૧૧મી શતાબ્દીના પૂર્વાર્ધની હોવાનું જે નિર્ણિત થાય છે તે સાથે વજસ્વામી (દ્વિતીય) દ્વારા થયેલ શત્રુંજય-આદિનાથની પ્રતિષ્ઠાનો ઈ૦ સ૦ ૧૦૨૪ (કે વિકલ્પે ૧૦૩૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આસપાસ)નો સંભાવ્ય સમય જોતાં બરોબર મેળ બેસી જાય છે.

જો કે ઉપલબ્ધ અભિલેખો, ગ્રંથપ્રશસ્તિઓ અવતરણાદિમાં આ દ્વિતીય વજ્રસ્વામીનો ઉલ્લેખ નથી મળતો, તો પણ ઉપર ચર્ચિત સાહિત્યના, તેમ જ સાંયોગિક પૂરાવા લક્ષમાં લેતાં, આ બીજા વજ્રસ્વામી થયા છે તેમ તો લાગે છે જ. સાહુ જાવડિએ આ મધ્યકાલીન દ્વિતીય વજ્ર પાસે શત્રુંજયની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવેલી તે વાત તો વાઘેલાકાલીન તેમ અનુસોલંકીકાલીન લેખકોની સાક્ષી જોતાં સ્વીકારવા યોગ્ય છે. સંભવ છે કે આ દ્વિતીય વજ્રસ્વામી નાગેન્દ્રગચ્છમાં થયા હોય : પ્રભાસના સંબંધમાં નાગેન્દ્રગચ્છના સમુદ્રસૂરિ તથા તેમના શિષ્ય, **ભુવનસુંદરીકથા**(પ્રાકૃત : શ૦ સં૦ ૯૭૫ / ઈ૦ સ૦ ૧૦૫૩)ના રચયિતા, વિજયસિંહસૂરિનો ઉલ્લેખ મળે છે[૨૩]. સૌરાષ્ટ્રના કંઠાળ-પ્રદેશમાં એ કાળે મહુવા સુધી, શત્રુંજય સુધી, વિચરનાર મુનિઓમાં આ દ્વિતીય વજ્રસ્વામી પણ એક હોય અને તે નાગેન્દ્રગચ્છીય હોય તો તે અસંભવિત નથી. અલબત્ત, આ સૂચન તો કેવળ અટકળરૂપે જ અહીં કર્યું છે.

**ટિપ્પણો :**

૧. મુનિ ચતુરવિજય, **जैनस्तोत्रसन्दोह**, પ્રથમ ભાગ, પ્ર૦ સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ ૧૯૩૨, પૃ૦ ૧૧૪-૧૧૬.

૨. એજન, પૃ૦ ૭-૮. આ માન્યતા સમીચીન છે કે મિથ્યા તેની કોઈ જાતની તરતપાસ, પ્રમાણોની ખોજ, અને તેમાં પરીક્ષણ આદિ કરવામાં આવ્યાં જ નહીં.

૩. જુઓ, (પં૦) નાથૂરામ પ્રેમી, ''उमास्वाति का सभाष्य तत्त्वार्थ,'' **जैन साहित्य और इतिहास**, પ્ર૦ હિન્દી ગ્રંથરત્નાકર (પ્રાઈવેટ) લિમિટેડ, મુંબઈ ૧૯૫૬, પૃ૦ ૫૨૧. પાદટીપ ૧.

૪. જુઓ **તત્ત્વાર્થસૂત્ર**, સં૦ પં૦ સુખલાલ સંઘવી, શ્રી પૂંજાભાઈ જૈન ગ્રંથમાળા-૧૭, ચતુર્થ આવૃત્તિ, અમદાવાદ ૧૯૭૭, પૃ૦ ૧૯.

૫. જો **અષ્ટસહસ્રિકાપ્રજ્ઞાપારમિતા**નો સમય ખરેખર કુષાણકાળ પૂર્વનો હોય તો એમ માની શકાય કે બૌદ્ધોમાં સંસ્કૃતમાં લખવાની પ્રથાનાં કંઈ નહીં તોયે ઈસ્વીસન્‌ના આરંભના અરસામાં મંડાણ થયાં હોય.

૬. મધુસૂદન ઢાંકી ''નેમિસ્તુતિકાર વિજયસિંહસૂરિ' વિશે,'' **સ્વાધ્યાય**, પુ૦ ૨૨ અંક ૧. ઑક્ટોબર, ૧૯૮૪, પૃ૦ ૩૯-૪૩. (પ્રસ્તુત લેખ સાંપ્રત ગ્રંથમાં પણ સંકલિત થયો છે.)

૭. જુઓ અહીં લેખાંતે અપાયેલ મૂળ કૃતિનાં પદ્ય ૨ થી ૮ : ત્યાં મૂર્તિને ભાવાત્મક જ નહીં, દ્રવ્યાત્મક પણ માની છે.

૮. મને આ માહિતી શ્રી ભદ્રબાહુવિજય તરફથી મળેલી છે. એમનો હું હર્ષપૂર્વક ઋણસ્વીકાર કરું છું.

૯. ઇલોરાની જૈન ગુફા સમૂહમાં 'છોટા કૈલાસ' નામના એકાશ્મ જિનાલયની પ્રતોલીની ઉત્તર ભિત્તિમાં એક અતિભૂજ ચક્રેશ્વરીની પ્રતિમા કંડારેલી છે, જે નવમા શતકના મધ્યભાગ પૂર્વેની નથી. બહુ ભુજાળી મૂર્તિનું જૈન સમુદાયમાં જોવા મળતું હાલ તો આ કદાચ સૌથી પુરાતન દૃષ્ટાંત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦. આ સંબંધમાં વિસ્તારપૂર્વક ચર્ચા હું મારા ''નિર્વાણકલિકાનો સમય અને આનુષંગિક સમસ્યાઓ'' નામના લેખમાં કરી છે. જુઓ આ ગ્રંથમાં પૃ૦ ૮૫.

૧૧. ચૈત્રગચ્છીય ક્ષેમકીર્તિકૃત **કલ્પટીકા**(સં૰ ૧૩૩૨ / ઈ૰ સ૰ ૧૨૭૬)માં આચાર્ય વિજયચંદ્રસૂરિના ત્રણ શિષ્યોમાં ક્ષેમકીર્તિના સતીર્થ્યરૂપેણ વજ્રસેન મુનિનું નામ દીધેલું છે : (જુઓ L. B. Gandhi, *A Descriptive catalogue of Manuscripts in the Jain Bhandars at Pattan,* Vol. 1, Baroda 1937, p. 356.)

૧૨. સં૰ જિનવિજય મુનિ, સિંઘી જૈન ગ્રંથમાળા, ગ્રંથાંક ૨, કલકત્તા ૧૯૩૬, પૃ૰ ૯૯-૧૦૧.

૧૩. **શત્રુંજયમાહાત્મ્ય**માં ઈ૰ સ૰ ૧૩૧૫માં **શ્રેષ્ઠી સમરસિંહ દ્વારા થયેલ** ઉદ્ધારનો ઉલ્લેખ છે, ને જિનપ્રભસૂરિ આ કૃતિથી અજ્ઞાત છે. બીજી બાજુ તેની જૂનામાં જૂની હસ્તપ્રત સં૰ ૧૫૧૧ / ઈ૰ સ૰ ૧૪૫૫ની જોધપુરના Rajasthan Research Institute "*A Catalogue of Sanskrit and Prakrit Manuscripts in the Rajasthan Research Institute* (Jodhpur Collection) PT. II (A)," (સં૰ મુનિ જિનવિજય), જોધપુર ૧૯૬૪ (પાન. ૨૮૨-૨૮૩), પ્રત ક્રમાંક ૨૪૫૫ ૫૦૧૨ રૂપે નોંધાયેલ છે. ઈ૰ સ૰ ૧૫૦૫ના અરસામાં રચાયેલ એ કાળે ઉપલબ્ધ તેવા પ્રાચીન જૈન ગ્રંથોની સૂચિરૂપ **બૃહટ્ટિપ્પણિકા**માં આ **શત્રુંજયમાહાત્મ્ય** ગ્રંથને ''કૂટગ્રંથ'' (બનાવટી) કહ્યો છે તેવું (સ્વ૰) મુનિ કલ્યાણવિજયજીએ નોંધ્યું છે : ('प्राचीन जैनतीर्थ'' ८, 'शत्रुंजय-पर्वत',- **प्रबन्ध-पारिजात,** જાલોર ૧૯૬૬, પૃ૰ ૨૮૫).

૧૪. આને સંપાદિત કરી મેં પ્રગટ કરી છે. જુઓ **નિર્ગ્રન્થ** પ્રથમ અંક, અમદાવાદ ૧૯૯૫, પૃ૰ ૩૪-૪૫. આને ફરીથી સાંપ્રત પુસ્તકમાં સમાવી લેવામાં આવી છે. જુઓ અહીં પૃ૰ ૨૮૬.

૧૫. Chimanlal D. Dalal (*Ed.*), GOS, No. VII Baroda 1917.

૧૬. સં૰ મુનિ પુણ્યવિજય, **सुकृतकीर्तिकल्लोलिन्यादि वस्तुपालप्रशस्ति संग्रह,** સિંઘી જૈન ગ્રંથમાલા, ગ્રંથાંક ૫, મુંબઈ ૧૯૬૧. પૃ૰ ૧૫.

૧૭. भूमीन्दुः सगरः प्रफुल्लतगरस्रग्दामरामस्तथः
श्रीरामोऽपि युधिष्ठिरोऽपि च शिलादित्यस्तथा **जावडिः** ।
मन्त्री वाग्भटदेव इत्यभिहिताः शत्रुञ्जयोद्धारिण-
स्तेषामञ्चलतामियेष सुकृती यः सद्गुणालङ्कृतः ॥
—**वसन्तविलास** १४.२३

देवो दाशरथिः पृथासुतपतिः **प्राग्वाटभूर्जावडिः** ।
शैलादित्यनृपः स वाग्भटमहामन्त्री च तस्योद्धृतिम् ॥
—**सुकृतकीर्त्तिकल्लोलिनी** १६६.

ततो **मधुमतीजातजन्मना** सत्त्वसद्मना ।
देवतादेशमासाद्य, तपो-ब्रह्ममयात्मना ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुण्यप्राप्यं प्रतिष्ठाप्यं प्रतिष्ठाप्य प्रभूतद्रविणव्ययात् ।
ज्योतिरसाश्मनो बिम्बं **जावडेनं** न्यवेश्यत ॥

—**धर्माभ्युदयमहाकाव्य** ७.७१-७२.

(**ધર્માભ્યુદયમહાકાવ્ય** માટે જુઓ સિંઘી જૈન ગ્રંથમાલા, ગ્રંથાંક ૪, મુંબઈ ૧૯૪૯, સં॰ મુનિ પુણ્યવિજય, પૃ॰ ૬૩).

૧૮. આ મુદ્દા પર વિસ્તૃત ચર્ચા મારા "નિર્વાણકલિકાનો રચનાકાળ અને આનુષંગિક સમસ્યાઓ"માં થયેલી છે.

૧૯. મુનિ લાભસાગરગણિ સં॰ **सित्तुंज-कप्पो,** પ્ર॰ શા॰ રમણલાલ જયચંદ, ખેડા વિ॰ સં॰ ૨૦૨૬ (ઈ॰ સ॰ ૧૯૭૦), પૃ॰ ૧૦૬, ૧૧૭. **શત્રુંજયમાહાત્મ્ય**ની અંદરની વાત મેં મારી જૂની નોંધને આધારે લીધી છે. મૂળ પુસ્તક આ પળે ઉપલબ્ધ ન હોઈ પ્રસ્તુત પ્રકાશન સંબંધમાં નોંધવી ઘટે તે માહિતી અહીં લઈ શક્યો નથી.

૨૦. બધા જ ગ્રંથકારો જાવડશાહવાળા ઉદ્ધારની વાત ઉદયનપુત્ર વાગ્ભટ્ટ મંત્રીએ ઈ॰ સ॰ ૧૧૫૫-૫૭માં કરાવેલ ઉદ્ધાર પૂર્વેના ઉદ્ધારરૂપે નોંધે છે.

૨૧. સન્ ૧૯૭૪માં (સ્વ॰) પં॰ અંબાલાલ પ્રેમચંદ શાહ સાથે આ સંબંધમાં મારે વાત થયેલી ત્યારે તેમણે પણ મને કહ્યું હતું કે આ આંકડામાં ચોથો અંક ઘટે છે.

૨૨. કદાચ એમ બન્યું હોય કે મહમૂદ ગ્હઝનીની ફોજનો એક ભાગ જે મહુવા તરફ ગયો હશે તે શત્રુંજય તરફ વળ્યો હોય અને આદિનાથનું દેવળ ખંડિત કરતાં પુનઃપ્રતિષ્ઠાની આવશ્યકતા ઊભી થઈ હોય. જાવડિ શાહ ગ્હઝનીથી છૂટીને આવ્યા બાદ ચાર પાંચ વર્ષે સ્વસ્થ બની, વ્યાપારમાં ફરીને સ્થિર થઈ, ધન કમાઈને પછી જ પુનઃ પ્રતિષ્ઠા માટે પ્રવૃત્ત થયા હોય એવો સંભવ પણ રહેલો છે. સં॰ ૧૦૮૮ / ઈ॰ સ॰ ૧૦૩૨માં આબુના વિમલમંત્રીના યુગાદિદેવના દેવાલયની પ્રતિષ્ઠા થયેલી. ઈ॰ સ॰ ૧૦૮૩માં મોઢેરાના પુરાણા પણ ઈ॰ સ॰ ૧૦૨૫-૨૬માં ખંડિત થયેલા દેવાલયને દૂર કરી તેને સ્થાને હાલ છે તે નવા મંદિરના (નિર્માણનું કાર્ય શરૂ થયેલું. આ સૌ વાતો ધ્યાનમાં રાખીએ તો શત્રુંજયતીર્થનો જાવડિકારિત ઉદ્ધાર (ઈ॰ સ॰ ૧૦૨૪ને બદલે) ઈ॰ સ॰ ૧૦૩૨ આસપાસ પણ હોઈ શકે.

૨૩. મુનિ પુણ્યવિજય, સં॰ *Catalogue of Palm-leaf manuscripts in the Śāntinātha Jain Bhaṇḍāra, Cambay*—[Part Two], GOS, No. 149, Baroda 1966, pp. 362-366.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रीवज्रस्वामिविरचितम्

# श्रीगौतमस्वामिस्तवम्

( शार्दूलविक्रीडित छन्दः )

स्वर्णाष्टाग्रसहस्रपत्रकमले पद्मासनस्थं मुनिं
स्फूर्जल्लब्धिविभूषितं **गणधरं** श्री**गौतम**स्वामिनम् ।
देवेन्द्राद्यमरावलीविरचितोपास्तिं समस्ताद्भुत-
श्रीवासातिशयप्रभापरिगतं ध्यायामि योगीश्वरम् ॥१॥

किं दुग्धाम्बुधिगर्भगौरसलिलैश्चन्द्रोपलान्तर्दलैः ?
किं किं श्वेतसरोजपुञ्जरुचिभिः किं ब्रह्मरोचिःकणैः ? ।
किं शुक्लस्मितपिण्डकैश्च घटिता किं केवलत्वामृतै-
र्मूर्त्तिस्ते **गणनाथ** ! **गौतम** ! हृदि ध्यानाधिदेवी मम ॥२॥

श्रीखण्डादिपदार्थसार्थकणिकां किं वर्तयित्वा सतां
किं चेतांसि यशांसि किं गणभृतां निर्यास्य तद्वाक्सुधाम् ।
स्त्यानीकृत्य किमप्रमत्तकमुनेः सौख्यानि सञ्चूर्ण्य किं ?
मूर्तिस्ते विदधे मम स्मृतिपथाधिष्ठायिनी **गौतम** ! ॥३॥

नीरागस्य तपस्विनोऽद्भुतसुखव्राताद् गृहीत्वा दलं
तस्याः स्वच्छशमाम्बुधे रसभरं श्रीजैनमूर्तेर्महः ।
तस्या एव हि रामणीयकगुणं सौभाग्यभाग्योद्भवं
मद्ध्यानाम्बुजहंसिका किमु कृता मूर्त्तिः प्रभो ! निर्मला ॥४॥

किं ध्यानानलगालितैः श्रुतदलैराभासिसद्भावना-
ऽश्मोद्घृष्टैः किमु शीलचन्दनरसैरालेपि मूर्त्तिस्तव ? ।
सम्यग्दर्शनपारदैः किमु तपःशुद्धैरशोधि प्रभो !
मच्चित्ते दमिते जिनैः किमु शमेन्दुग्रावतश्चाघटि ॥५॥

किं विश्वोपकृतिक्षमोद्यममयी ? किं पुण्यपेटीमयी ?
किं वात्सल्यमयी ? किमुत्सवमयी पावित्र्यपिण्डीमयी ? ।
किं कल्पद्रुमयी मरुन्मणिमयी किं कामदोग्धीमयी
या धत्ते तव नाथ ! मे हृदि तनुः कां कां न रूपश्रियम् ? ॥६॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

किं कर्पूरमयी सुचन्दनमयी पीयूषतेजोमयी
किं चूर्णीकृतचन्द्रमण्डलमयी किं भद्रलक्ष्मीमयी ? ।
किं वाऽऽनन्दमयी कृपारसमयी किं साधुमुद्रामयी-
त्यन्तर्मे हृदि नाथ ! मूर्त्तिरमला नाऽभावि किंकिंमयी ? ॥७॥

अन्तःसारमपामपास्य किमु किं पार्थ्यव्रजानां रसं
सौभाग्यं किमु कामनीयसुगुणश्रेणीं मुषित्वा च किम् ? ।
सर्वस्वं शमशीतगोः शुभरुचेरौज्ज्वल्यमाच्छिद्य किं ?
जाता मे हृदि योगमार्गपथिकी मूर्त्तिः प्रभो ! तेऽमला ॥८॥

ब्रह्माण्डोदरपूरणाधिकयशःकर्पूरपारीरजः-
पुञ्जैः किं धवलीकृता तव तनुर्मद्ध्यानसद्मस्थिता ।
किं शुक्लस्मितमुद्गरैर्हतदलद्दुःकर्मकुम्भक्षरद्-
ध्यानाच्छामृतवेणिभिः प्लुतधरा श्री**गौतम** ! भ्राजते ॥९॥

किं त्रैलोक्यरमाकटाक्षलहरीलीलाभिरालिङ्गिता ?
किं वोत्पन्नकृपासमुद्रमकरोद्गारोत्करम्बीकृता ? ।
किं ध्यानानलदह्यमाननिखिलान्तः कष्टकष्टावली-
रक्षाभिर्धवलीकृता मम हृदि श्री**गौतम** ! त्वत्तनुः ॥१०॥

इत्थं ध्यानसुधासमुद्रलहरीचूलाञ्चलान्दोलन-
क्रीडानिश्चलरोचिरुज्ज्वलवपुः **श्रीगौतमो** मे हृदि ।
भित्त्वा मोहकपाटसम्पुटमिति प्रोल्लासितान्तःस्फुर-
ज्ज्योतिर्मुक्तिनितम्बिनी नयतु मां सब्रह्मतामात्मनः ॥११॥

श्रीमद्**गौतम**पादवन्दनरुचिः **श्रीवाङ्मयस्वामिनी**
मर्त्यक्षेत्र**नगेश्वरी** त्रिभुवनस्वामिन्यपि श्रीमती ।
तेजोराशिरुदात्त**विंशतिभुजो यक्षाधिपः** श्रीः सुरा-
धीशाः **शासनदेवताश्च** ददतु श्रेयांसि भूयांसि नः ॥१२॥

• • •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org